# ગોધરાના પીટી મીરાની હોસ્પિટલમાં રાહત દરનો બાળરોગ વિભાગ શરૂ

## ધારાસભ્ય સી કે રાઉલજી દ્વારા બાળરોગ વિભાગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

ભાસ્કર ન્યૂઝ | ગોધરા



ગોધરા ખાતે દાહોદ રોડ પર આવેલી સસ્તા દરે મેડિકલ સેવા આપતી સદવિચાર પરિવાર ગોધરા દ્વારા ચાલતી પીટી મીરાની હોસ્પિટલમાં બાળરોગ વિભાગની શરૂઆત ગોધરાના ધારાસભ્ય સી કે રાઉલજી દ્વારા કરવામાં આવ્યો હતો.

ડોકટર ભાર્ગવ પટેલ જેમણે સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે લોહી બદલી બે નવજાત શિશુને જીવન આપ્યું હતું અને વડોદરા સયાજીમાં ફેફસામાં કાણા સાથે જન્મેલા બાળકને જીવન આપ્યું હતું એવા ડોકટર સેવા આપી રહ્યા છે. ઉદઘાટન પ્રસંગે હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી જે.પી ત્રિવેદી, ઉપપ્રમુખ સંજય પટેલ, મંત્રી પ્રકાશ દીક્ષિત, નીતિન શાહ, દિલીપ શાહ, કેતન મીરાની, શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ તેમજ ડોકટર હાજર રહ્યા હતા. સેવાક્ષેત્રમાં અગ્રસર આ હોસ્પિટલમાં રાહત દરે આંખને લગતા રોગો, શરીરને લગતા રોગો, એકરે સોનોગ્રાફી, મેમોગ્રાફી, કસરત વિભાગ, લેબોરેટરી, ડાયાલિસિસ, દાંતના રોગો, સ્ત્રીઓને લગતા રોગોની સારવાર થાય છે અને બાળકોના રોગો (1 દિવસથી 18 વર્ષ)ની નવી સેવા શરૂ કરેલ છે. આ ઉપરાંત તમામ રોગોના સુપર સ્પેસ્યાલિસ્ટ ડોકટર વડોદરા અમદાવાદથી આવે છે.